

ચંદન— **શીતાજીની ચોપાઇ.**

માતા સુણો તમે વાત મારી, બહુ કસુર મેં કીધી તમારી;
જપ પુજાદિ છોડી દીધાં, નથી તેહેવાર કે પર્વો કીધાં.
તે અપરાધ ખમાવો મારો, હું શરણાંગત છું તમારો;
દયા લાવી પધાર્યાં આજ, આપ દર્શને સરશે કાજ.

કુળદેવી—ભુંડા ભવિષ્ય લેખ છે તાસ, માટે ધિરજધર બેટા ખાસ;
જેણે પુર્વ ભવે કર્યાં પાપ, તે ભાગવે છુટે આપ.
નહીં એમાં મારો ઉપાય, કર્મ લેખ મીથ્યા નહીં થાય,
માટે ધિરે ધિરે દુઃખ સેહેવું, ધર્મ કામમા મચ્યા રેહેવુ.

(એમ કહી કુળદેવી અંતરધ્યાન થઇ જાય છે રાજા દિલગીર થઈને)

ચંદન— **ગીતિ.**

હવા હવે શું થાશે, વર્ષ બાર દુઃખ ભોગવવુ મારે;
સહન થશે શી રીતે, વખત આવ્યો દુઃખ સેહવાનો ભારે.

(રાણીને જગાડી સર્વ હકીકતથી વાકેફ કરે છે.)

ચંદન— **વણજારો.**

સત્ય વાત સુણ પ્રીયા મારી, આવ્યું સંકટ વાદળ ભારી.—ટેક
કુળદેવીએ કહ્યુ મુજને, અહીં રેહવાથી દુઃખ તુજને;
તેથી થવું વન વિહારી, આવ્યું૦
પુત્ર લેઇ પીયર પધારો, લેશે સંભાળ તાત તમારો;
નહીં સે'વાય વન દુઃખ ભારી. આવ્યું૦

મદનપા૦—રાણા થઇ આ શું બોલો સીદ વિચાર આવા દોલો;
નહીં કદી હું જુદી થનારી, ભલે સંકટ આવ્યું ભારી. ટેક
તાપ તડકો વનનો સહીશું, પણ સાથે સદા રહીશ હું;
કરૂં સેવા સદા તમારી. ભલે૦

ચંદન—આમ જક કરે શું મારા બ્યાન હવે મળશું કાલ;
માટ પીયર પધારો પ્યારી ....
મલ્યા૦—... ....નહીં નહીં એ વાત બનારી.
ચંદન—ત્યારે ઉપાય એમા શો મારો, બન્ને સંગે વન પધારો;
મલ્યા૦—હાશ! ઠરી આંતરડી મારી, પ્રભુ સંકટ દેશે વિદારી.
ચંદન—તમે તૈયાર જલદી થાજો, નહીં કરવો વિલંબ ઝાઝો;
હાલ રાજ્ય સભા બોલાવું,........................
મલ્યા૦—....................ચાલો હું પણ તૈયાર થાઉં.

પ્રવેશ ૨ જો.

સ્થળ—રાજ્ય કચેરી.

પાત્ર—ચંદન, સુબુદ્ધિસાગર, નગરશેઠ, તથા પ્રજાજનો.

ચંદ૦— (ખુશ રહો સનમજા—એ રાહ.)

સૌ સજ્જનો સુણજો તાત વાત તમે મારી;
નવ દુઃખી થાશો દિલ, ધિરજ ઉર ધારી.
માટે પ્રભાતે જવું વનવાસ, પુર્વના પાપે;

પ્રજા— હાયા ગજબ! રાજાજી વચન કહ્યુ શુ આપે!
ચંદન— અરે આમ શાને અકળાઓ, પુરજનો મારા;
જે ભવીષ્યના છે લેખ, નહીં ટરનારા.
મુજ ઉપર ઇશનો કોપ, થયો છે ભારી;
માટે અવશ્ય જાવું વનવાસ, જુઓ વિચારી.

સુબુદ્ધિસાગર— (કાળી કલંકનો રાગ)
હાયા હાયા ક્યાંથી આવ્યું દુઃખ, દાવાનળ દિલમાંહી સળગેરે;

કીયા શત્રુએ હરી લીધું સુખ, દાવાનળ દિલમાંહી સળગેરે.
સત્યવંત છે શાહ ચંદનરાય, દાવાનળ૦
વળી મહા સતી માતા મલ્યાય, દાવાનળ૦
સુણી વાત પ્રજા આંખે લાવે નુર દાવાનળ૦
તેથી ભરાઈ આવે છે મારૂં ઉર, દાવાનળ૦
અરે! રાજા જો કદી વન જાય, દાવાનળ૦
કરૂં ધાત વિયોગ ન સે'વાય, દાવાનળ૦

ચંદન— (પ્રાણપતી પ્રાણપતી—એ રાગ.)
ધીર ધર, ધીર ધર, ધીર ધરરે;
હે પ્રધાન પ્યારા માહરા તું ધીર ધરને. ધીર.

પ્રજા— ગીતિ.
બનમાં નહીં વિચરાયે, હે રાજાજી સત્ય વચન કહીએ;
આપ ગયેથી પુરમાં, કહો અમે પણ શીરીતે રહીએ.

પ્રવેશ ૩ જો.

સ્થળ—ગામનું પાદર.

પાત્ર—ચંદન, મલ્યાગિરી, સાયર, નીર, પ્રધાન, પ્રજા વીગેરે.

ચંદન— (રાગ ગોપીચંદનનો)
પુરજનો પધારો, પાછા હવે સૌ પુરમાં–ટેક.
પ્રજા— નવ વનમાં સધારો, આગ ઉઠે અમ ઉરમાં–ટેક.
ચંદન— ઇશ્વર ઇચ્છા એવી જ્યારે, ત્યારે શો ઉપાય;
લેખ લલાટ માંહી અવળા, તેથી જવું વનમાંયરે. પુરજનો.
પુર્વ જન્મનાં પાપ કરેલાં, ભોગવે છુટા થવાય,
મારે જવા દોને વનમાં, ધરી ધીરજ દીલમાંય. પુરજનો.

જીવતાં હઈશું તો કોઈ મળશું, પાછા આપણે આંહ;
તેથી હાલ પધારો પુરમાં, વખત વીતી જાયરે. પુરજનો.

પ્રજા— આપ તણા વિયોગે કરી, જીવું કેમ પતાય;
સાહેબ અમે આવીશું સંગે, સાથે રહીશું સદાયરે-નવ.
દેવ દેવીઓના કરી નિવેદો, સંકટ કરશું દુર;
માટે મ્હેર કરો મહારાજા, પાછા પધારો પુરરે. નવ.
જીવમાં જીવ હશે ત્યાંસુધી, રક્ષણ કરશું સદાય,
પ્રભુ પાસે પણ માગશું, કે કરો રાયને સહાય. નવ

ચં.ન— ગીતિ.

શોક તમે સૌ છોડો, પ્યારી પ્રજા વચન માની મારૂં;
કુશળ રેહેજો હરનીશે, ઈશનું એવું વચન માગું સારૂં

પ્રજાજનો— (રાજાના ગયા પછી) આરાગોડો.

રાજા થયા વનવાસી, અરે પ્રભુ રાજા થયા વનવાસી. (ટે.)
દિલમાં દાવાનળ છૂટે, અંતર આવે ઉદાસી. અરે પ્રભુ.
હતો પ્યાર બહુ અમઉપર, મુકી ગયા તે નાસી. અરે પ્રભુ
હાય ! હવે શા હાલ અમારા, કહો ઘટ અવીનાસી. અરે પ્રભુ
નથી પુરમાં પેસવું ગમતું, જાણે અંને ખાઇયે ફાંસી. અરે પ્રભુ.
રક્ષણ એમનું રણમાં કરજો, અરજ સુણી અવીનાસી અરે પ્રભુ.

પ્રવેશ ૪ થો

સ્થળ—જંગલ.

પાત્ર—ચંદન, મલયાગિરી, સાયર, નીર વીગરે.

સાયર, નીર— (કુંવરી કુંવર લાડકા) એ રાગ.

માતા પીતા સુણો વીનતી, નવ આવી શકાય;

નથી જોડા વળી પગમાં, તેથી કાંટા ભોંકાય. માતા૦
તડકો માથે બહુ પડે, લાગે પાણીની પ્યાસ;
જી જી જો આ જીવડો, તરસે મસ મુંઝાય. માતા૦

ચંદન— છાનો રહે સુત માહરા, નવ ભર નેણે નીર,
પાણી પાશું પને કને, ચાલ જલદીથી વીર. છાનો૦

મલ્યા૦— અરેરે કપારો છુટે મને, જોઈ આવુ દોલ;
પાણીવિના બાળ ટળવળે, જાણે હોય ન ભીલ. અરે૦
સુખ સેજામાં પોઢતાં, પીતાં અમૃત નીર;
તેને દુર્લભ દેખવું, જાઈ પડીયું તીર. અરેરે૦

ચંદન— રડો નહીં પ્રીયા તમે, રાખો હૃદયમાં હામ;
વન વીશે નથી શોભતું, તારે રડવું આમ. રડો૦

—o—

અંક ૨ જો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—કનકપુરી. સબળશાનું ઘર.

પાત્ર—સબળશા, ચંદન, મલ્યાગિરી, શાયર નીર વગેરે.

સબળશા— **ત્રિતાળી ચોપાઇ.**

કોણ તમે ક્યાંથકી આવ્યા, કહો સંદેશો કોનો લાવ્યા;
લાગે દુઃખી જાત તમારી, શાથી સંકટ સહો ભારી.

ચંદન— દુર દેશથી આવ્યા આજે, લેવા નોકરીને શેઠ કાજે;
માટે રાખોતો મેહેરબાની, અમે આશીશ દેશું સદાની.'

સબળશા—ભલે રાખુ હું પ્રિતે તમને, તમ આવેથી ઉમંગ અમને;
નીત દેવ સેવા તારે કરવી, તારી નારીને ઘર કામે ધરવી.

ગાયો ચરાવે પુત્ર તારા, તો આપું પગાર મુજારા;
તમને પંદર પંદર આપું, બાર બાર બાળકના થાપું.
ચંદન—શેઠ સાહેબની ઇચ્છા જેવી, આ ચાકરોની પણ તેવી,
ખુશી સાથે કામો કરશું, આપ આજ્ઞા શીર ધરશું.
કર્યા ઉપગાર શેઠ અથાગ, તમને આપશુ તેનો લાગ;
સમજશા—સુખેથી સદા અહીં રહેજો... ....
ચંદન—.........................આપ મનો વંચ્છીત ફળજો.

પ્રવેશ ૨ જો.

સ્થળ—ગામનું પાદર.

પાત્ર—ધનપતજી, જમાલખાં, ગુણવંત વીગેરે.

જમાલખાં— ગજલ.

અરે શેઠજી આપ નાંખો ક્યાંય મુકામ,
પાણી છાણી ઇધર મોજુદ તમામ.
જગા ભી યે સુંદર હૈ કૈસી;
જાણે સબ હોવગી સુવર્ણ કુંચકી.
ઇસ બાસતે ઇધર નાંખોજી પડાવ;
રજા અપની હોવે તો મે કરૂં ઠરાવ.

ગુણવંત— સૌ સત્ય વાત સીપાઈ તણી;
શેઠ સાહેબ ઇચ્છા જવું ક્યાં ભણી.

ધનપતજી— મારો પણ વિચાર રહેવાનો છે આં;
જઈ તંબુ જલદી ઠોકાવો ત્યાં.

પ્રવેશ ૩ જો.

સ્થળ – બાગ.

પાત્ર—ચંદન તથા મલ્યાગિરી.

મલ્યાગિરી— રાગ કેરબો.

સુણો સુણો સ્વામીનાથ, તમે વાત મારીરે;
વાત મારીરે નાથ વાત મારીરે. સુણો૦

સેહેર વીશે સોદાગર આવ્યો, બહુ પુંઠ પરીવાર,
ગાડી ઘોડા ઉંટ લાવ્યો અને દ્રવ્ય અપાર. સુણો૦

બપોરે હું નવરી બેસું, નથી કામ લગાર,
માટે કાષ્ટના ભારો લઇ,વેચવા જઉ તે દ્વાર. સુણો૦

મૂલ માગ્યુ ત્યા ઉપજે છે નજરે જોયુ આજ;
તેથી શો વીચાર આપનો, સ્વામીજી શીરતાજ. સુણો૦

ચંદન-ઠીક ઠીક છે વીચાર, પ્યારી વાત સાચીરે;
વાત સાચીરે—પ્યારી વાત સાચીરે. ઠીક૦

નવરા આજું નવ બેસવું, એ ઉત્તમનું કામ,
હરનીશ હોંશે ઉદ્યમ કરી, એકઠા કરવા દામ. ઠીક૦

તુજ સમી સુંદર પ્રીયાથી, મુજને આનંદ થાય.
ઇશ્વર પાસે માગું એવું, સુખી કરો સદાય. ઠીક૦

બળે ભામની બારો લાવી વેચવા જા તે દ્વાર.
નથી રોકતો એમા તુજને, મારો એજ વીચાર. ઠીક૦

મલ્યાગિરી— ગીતિ.

ત્યારે હાલ હું જાઉ, વનમાંહેથી લાકડાં લેવા માટ;
બાંધી ભારો ભારી, વેચવા માટે જઈશ હુ પ્રભાત.

ચંદન—વખત થયોછે આજો, માટે ચાલો જઇએ શેઠની પાસ;
મલ્યાગિરી—હુ પણ સાથે આવું, હજી નાંખવુંછે ગાયોને ઘાસ.

પ્રવેશ ૪ થો

સ્થળ—જંગલ.

મલ્યાગિરી— લાવણી.

અરે આતે કેવી વાત, જગતના તાત, દ્રવ્યના માટ, થવું કઠિયારી;
તોડી વૃક્ષો વેચવા, જવું બનાવી ભારી.

હું મહેલમાંહી રેહેનાર, દાસી ઓપાર, કરવા સાર, રાખતી મારી;
તે કર નીચનું કામ, જખ આ મારી.

મુજ સ્વામી ચંદનરાય, દાસપણું લાંય, કરે સદાય, આજ્ઞા માની;
જેને રાત દિવસ કોઇ દીન, હતી નહી જાણી.

વળી લાડકડા એ બાળ, થઇ ગોવાળ, લેવા સંભાળ, ગાયોની વનમાં;
જોઇ જતાં નીરખી, નયન બળુંછું તનમાં.

નથી જોયાં તાઢ કે તાપ, દાસ થઇ આપ, સહેછે તાપ, શરીરે ભારી;
કર્મ તણી એ પ્રભુ ગતી છે ન્યારી.

દુઃખ આતે નવ વેહાય, થઉ ત્રાય ત્રાય, દીલમાં લાય, બળેછે મારા;
કરો સાય અરે ઓ પ્રભુ થઇ આધારો.

નમું વળી વળી લાગુ પાય, કરોને સાહ્ય, અમોને આય, અજે અમારી;
તોડી વૃક્ષો વેચવા જવું બનાવી ભારી.

પ્રવેશ ૫ મો.

સ્થળ—સોદાગરનું ઘર.

પાત્ર—મલ્યાગિરી, ધનપતજી, ગુણવંત, જમાલ વીગરે.

મલ્યાગિરી— (મીઠડા ગોરસ લો એ રાગ.)

સુકી ભારી લ્યો, ભારી લ્યો, ભર્યાં છે લાકડાં ભારીરે. સુકી.

એમ કહી આગળ જાય છે.—

ધનપતજી— **બોભાસ અદાની તાલ.**

કોયલ ક્યાં ટહુકારી, મધુરી કોયલ ક્યાં ટહુકારી;
કે વાંસળી વનમાં વગાડે છેલ છબીલો વીહારી. મધુરી૦

ગુણવંત—નથી વાંસળીકે કોયલ આંહી, પણ બોલે કઠીયારી. મધુ૦
લાકડાં વેચવા પોતે આવી, બેશ બનાવી ભારી;

ધનપતજી—તેનો સ્વર શું સુંદર આવો, ધન્ય ધન્ય કઠીયારી. મ૦
ચાલો ત્યારે જોવી તેને, ઇચ્છા એવી થઇ મારી. મધુરી૦

ગુણવંત— ગીતિ.

સાહેબ સુખે બેસો, કઠીયારીને બોલાવુ હજુર;
(સીપાઇને)જમાલ જાતું જલદી, સમજાવી લાવ્ય અહીં જરૂર.
જમાલ—હજુર હુકમ ઉઠાવું, આજ્ઞા મુજબ કામ કરૂ જઇ;
ધનપત—છોડી છેક લવારો, જલદી જઇને લાવ એને આંહ.

(સીપાઇ મલ્યાગિરીને તેડી લાવે છે).

મલ્યાગિરી— (રાગ ગીરધારીનો.)

શાણા શેઠજીરે શાથી મને બોલાવી, શું કામ પડ્યુ તે ને વળી;
હુ લાવીછુંરે લાકડાં તડકે તપાવી, તેની ભારી બેશ બનાવી.

ગુણ-પણ મોંઘી છે ભારી મારીરે, બહુ વજનમાં છે વધારીરે;
લેવા હોયે મરજી તમારીરે, તો આપોરે મોહોરો મને બે સારી. શા૦

ધન૦-કઠીયારીરે જોઇ ભારી તમારી, છે સુકી ને વળી સારી;
કહો કિમ્મતરે લેવી હોય જે નારી, રાખી આપું ભારી તારી.

ગુણ-સત્ય કહેશોતો નિશ્ચે લઇશુંરે, તુર્ત રોકડાં નાણાં દઇશુરે,
જ્યાં સુધી અમે રહીશુરે, ત્યાં સુધીરે ભારીઓ તારી લઈશું-તુ૦

મલ્યા-સાહેબજીરે કીમત તેની શું કરીયે, જે દેવું હોય તો ધરીયે;
એમાં કહીયેરે, જરા અમે નહી કરીયે, નવ સંદેહ રાખશો જરીએ.

ફુલ-ભારી પછી હું બીજી લાવુંરે, મારે ખોટી શા માટે થાવુંરે;
લાવો નાણાં ઘેર મારે જાવુંરે, જે આપશોરે તેથી છે ખુશ થાવું.
ધન૦-સદ્‌ગુણીરે ઉતાવળ શી તારે, ઘડી બેશ તું પાસ મારે. (-મા૦
કહો વ્હાલીરે જાઓ ક્યાં વારે વારે, કેમ કષ્ટ સહો છો ભારે.
ફુલ-કાયા કોમળ દીસે તારીરે, કેમ ઉચકી શકો છો ભારીરે.
લાગે ઉંચી જાત તમારીરે, અલબેલારે વાત કહોને વિચારી-કે૦
મલ્યા૦-પૈશા મારેરે સેઠજી મેહેનત કરીયે, ટાઢ તડકો અંગે ધરીયે;
ધન૦—પ્રેમે સોદોરે હારે ખુશીથી કરીયે, જે જોઇએ તે હાજર કરીયે.
મ૦ ફુ૦ ઝટ આપો પૈસા અમનેરે, કરવી વાતો પાલવે તમનેરે;
નવ કદીએ પાલવે અમનેરે, મારે શાનોરે નાણા નમુ હું તમને.-ક૦

ધન૦— (છેડો પકડીને) રાગ કેરબો.

સુંદર મન હરનારી પ્યારી કહું વાત મનેરે;
કેહે વાત મનેરે, સાચી વાત મનેરે, સુંદર.
કમની કોમળ કાયા તારી, સુણી દીસે રસાળ;
કુટીલ એ કઠીઆરા સાથે, કેમ પડી છે લાલ. સુંદર.
ઇંદ્ર અપ્છરા જેવી તુજને, નીરખી મલ્યો છે નાવ;
અભુજ હાથે હીરો આવે, એવો તુજ બનાવ. સુંદર.
કઠીયારી કહું મારી સાથે, પ્રીતે કરો લગ્ન;
પટરાણી હું સ્થાપી તુજને, રાખીશ સદા મગ્ન. સુંદર.
મલ્યાગિરી—શેઠ સાહેબ બોલોને વીચાર કરીરે,
વીચાર કરીરે, તમે વીચાર કરીરે— ટેક. શેઠ.
વીચારવંત વીવેકી જાણી, શીદ વદો છો આમ;
આ ભવમાંતો અવર પુરૂષો ધાર બંધવ બાપ. શેઠ.

મુલમાફ આપો જલદી, મ્હો માગ્યું ભરપુર;
ખીચડી ખાંતે ઘેર ખવરાવું, આશીશી દેશે ઉર. શેઠ,

ધનપતજી—લલના લ્યોને આપુ તમને, મ્હો માગ્યાં હું દામ.
મલ્યાગિરી—લાવો શાણા શેઠજી સાહેબ, નીત્ય આપજો આમ. શેઠ,
(મલ્યાગિરી જાયછે).

ધનપતજી—(સ્વગત) ગીતિ.

હશે હવે એ છો ગઈ, અવસર નથી મારો કાંઈ આજ.
લગાર લોભ દેખાડી, પછી સમારી લેવું આપણું કાજ.
અરે ! કરૂ જો આવતો, કામ મુજ ધાર્યું નિશ્ચે સૌ થાય;
વિદાય કરૂં લશ્કરને, એટલે હરણ સુખે એનુ થાય.

પ્રવેશ ૬ ઠો

સ્થળ—તંબુ આગળનું મેદાન.

પાત્ર—જમાલખાં—જુતીખાં—અફીણંગ, પછીથી ધનપતજી વીગરે.

જમાલખાં— આહ એમ બંગાલી ખાણુ.

કહ્યું જમાલખાં કેસી મજા, નીત્ય ઇધર આતીહે;
કેસી કેસી ઠંડી લેહેરા, ખુશીશે ખાતી હે.
સે'લ કરનેકુ ચલો શેહેરમે, અચ્છે અચ્છે દેખેંગે;
ઓર રસ્તેમેં અચ્છી નાજની, દુર નજરસેં પેખેંગે.

જુતીખાં—મત બોલના બેટ મેરે, વો ક્યા હોવેગા તુજસે;
અફીણંગ—તુમસે કદીએ નહી બનેગા, સબસે હોવેગા મુજસે.
બડા બાહાદુર બંકા હું મેં, મુક્કોસે તોડું પથ્થર;
જમાલખાં—તેરે જૈસા મેં હું બાહાદુર, ઓર પડુ લગે પગ,

જાનીખાં—મૈંથી ઘુમ પડે પશ્ચીમમે, પુરવ મૈં હો જાઉ ગુપ;

અડબંગ—અરે સાલે શેઠ આતે હે, ઉસ લીએ હો જાઓ ચુપ.

ધનપતજી— (પ્રવેશ કરીને) રાગ કલ્યાણ.

પ્યારા નોકરો, સામાન સહુ ભરો;
જેમ જલદી બને તેમ કુચ સહુ કરો. ટેક.
ઘણા દીવસથી રહ્યા આપણે, નાંખી અહી મુકામ;
કામ ક્યારનુ કર્યું આપણું, માટે ચાલો ગામ. પ્યારા૦
નવો માલ લીધો જે અહીંથી, તે ભરો ગાડા માંય,
ચાલો જઇએ ગામ બીજે, તોતોજ ઠીક થાય. પ્યારા૦
વીલંબ વ્હાલા હવે ન કરશો, માની મુજ વચન,
હુ પણ ગાડી જઇ જોડાવું, જવા આપ વતંન. પ્યારા૦

પ્રવેશ ૭ મો

સ્થળ—ગામનું પાદર.

પાત્ર—મલ્યાગિરી, ધનપતજી

મલ્યાગિરી—

સૂકી ભારી લ્યો ભારી લ્યો, ભર્યાં છે લાકડા ભારીરે. સુકી૦

ધનપત—(છેડો પકડીને) રાગ દાદરો.

નાસે શું નારી, નાસે શું નારી;
કાલ અપમાન મારૂં, કરી નાશી ગઇ;
હવે હાથ આવી મારે, છોડુ નહી નહી નાસે૦

મલ્યા૦—ભુલી હું ભારી, ભુલી હું ભારી;

શેઠ સાહેબ માફ કરો, નાનું છું નાદાન.

ધન૦— હજુ સાથે આવવાને, માન રાંડ માન. નાસે૦
ચાલ ચાલ ઝટ હવે કર નહી વાર;
અહ્યા૦— દુર રહે દુષ્ટ દુર, શ્રાપ દઉં આ ઠાર. નાસે૦
ધન૦— જંગલો ઝીંઝોટી.
રાંડ હજી કહ્યું નથી માનતી તું મારૂ રે;
ઉઠ ઉઠ જલદી નહીતો મોત આવ્યુ તારૂ રે. એ ટેક
આટલા વખત તને કહી કહી થાકયો રે.
તોએ માનતી તુ નથી, ત્યારે રાહુ પાક્યે રે. રાંડ૦
હવે કદી રાંડ તને નથી છોડનારો રે;
કેદ કરી તુજને, મૂક પેરો મારો રે, રાંડ
અહલ્યા૦— રાગ ક્ષત્રીકલંકનો
અરે ચંડાલ દયા દીલ લાવ, સતીને દુઃખ શાનુ દછે રે ટેક
દુર હઠ મારી પાસે ના આવ. સતી.
દૂર હરણ જુલમ કરનાર. સતી.
એમા સારો નહી નીવડે સાર. સતી.
કેમ તોડાવે તું નાથની જાળ. સતી.
રોઈ રોઈ મરશે મારા બાળ. સતી.
માટે મુક મને કહુ છેલીવાર. સતી.
ધનપતજી—નહી નહી કદી નહી છોડનાર—ફોગટ દમ શાને દેછે રે.
(એમ કહી ઉચકીને લઈ જાયછે)

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો

સ્થળ—ઝુંપડું.

પાત્ર--ચંદન, સાયર, નીર, તથા એક ચાકર વીગરે.

સાયર, નીર— ત્રીતાળની ચોપાઇ.

કેમ નથી આવી મુજ માત, કહો કારણ તેનું હે તાત!
ભૂખ લાગી બાપા બહુ, તમે કહો તે હું ખઉં.

ચંદન—હમણાં આવશે તે બેટા મારા, હજુ વેચાયા નહી હોય ભારા;
માટે જાઓ તમે રમો બ્હાર, જોઇ આવું લાગી કેમ વાર.

(એટલામાં એક ચાકર આવીને કહે છે.)

ચાકર-- ગીત.

અરે સુંણ તું ભાઇ, માઠા ખબર લાવ્યો છું તારી,

ચંદન—ક્હેને જલદી શી તે,........................

ચાકર—......................સોદાગરે હરીછે તુંજ નારી,

ચંદન— મૂર્છામાંથી સચેત થઇને બોલે.

અરે દૈવ! દૈવ! હાય! શું થયું!
નારી જેવું રત્ન, હાથથી ગયું!
હવે કહો હાલ શા થશે માહરા,
અરેરે ગજબ આ શો થયો દુઃખ હરા,

બાળકો—કહો શાને માટે રડો છો હે તાત!
બતાવો જલ્દી અમારી માત!

ચંદન—હવે પ્યારા પુત્રો નહીં વે જડે!

બધાં સાથે—અરે! હાય! ગજબ! શા દુઃખડાં પડે!

(મુર્છાગત પામે છે.)

પ્રવેશ ૨ જો.

સ્થળ—ધનપતજીનું દિવાનખાનું.
પાત્ર—ધનપતજી-મલ્યાગિરી.

ધનપતજી— (પંજાબી ઠેકો.)

ઉઠ જક છોડી મારા સમ છે ઓ નારીરે,
નથી એમાં સાર ઝાઝો અંતે છે ખુવારીરે—ટેક.
સાને સોચ કરી તું દુ:ખવે જાત તારીરે,
જમવા ઝટ ઉઠ તું કહ્યું લે વિચારીરે. ઉઠ.

મલ્યા૦— છોડો તમે છાલ મારો, કહું લળી લળીરે;
દુષ્ટ આપ દાનતથી, ગઇ છું હું ગળીરે. ઉઠ.
અહીં મારે અન્ન પાણી હરામ છે ખાવુંરે;

ધનપતજી—પ્યારી મારી શાણી થઇને બોલેછે શું આવુંરે. ઉઠ.
ઇચ્છા તારી રેહેવા નવ હોય સાથે મારીરે,
તો તને હું નહીં બોલાવું, નહીં કહું નારીરે. ઉઠ.
(એમ કહી પરાણે જમવા તેડી જાયછે.)

પ્રવેશ ૩ જો.

સ્થળ—નદી તથા જંગલ.

પાત્ર—ચંદન, સાયર, અને નીર, પાછળથી વટેમાર્ગુ વીગેરે.

આશાગોડી.

ચંદન—
આશા હવે એક તારી, કૃપા સીંધુ, આશા હવે એક તારી—ટેક.
આશા હવે એક તારી, કૃપા સીંધુ, આશા હવે એક તારી—ટેક.
રાજને પાટ મુક્યું હાથે, સુખ થવાનું વિચારી— કૃપા સીંધુ૦
વળી ચાકરી કરી ચુક્યો, રાણી બની કઠીયારી— કૃપા સીંધુ૦

બાળક બંને ગોવાળ થઈને, ખાય છે ગાયો ચારી— કૃપા સીંધુ૦
તેમાં પણવળી વિઘ્ન આવ્યું, પ્યારી હરણ થઇ મારી—કૃપા સીંધુ૦
હાય! હાય! આ દુઃખના ડુંગર, નહીં સહે જાત મારી—કૃપા સીંધુ૦

બાળકો—(નદી જોઈને) **ગજલ.**

અરે પીતા જૂઓ નદી પેલી રહી,
પાણી ઝાઝુ દીસે જવાસે નહીં.
પંણે મગરો કુદાકુદ બહુ કરે,
વળી મોટા મચ્છો જૂઓ એ ફરે.

ચંદન— **ગીતિ.**

એસ અહીં તું સાયર, નિરને મુકી આવું નદીની પાર;
પછી તને લઇ જઇશ, ત્યાં સુધી તુ ઉભો રહે આ ઠાર.

(રાજા નીરને મુકી પાછા આવતાં પુરમાં તણાઇ જાયછે તેથી બે કાંઠે બે બાળકો રડેછે.)

સાયર—નીર—(ડુસકાં ભરતાં ભરતાં.) જગતના દેવ એ રાગ.

જગત ત્રાતા!, દયાળુ તમે, છીયે શર્ણુ તમારે અમે.
તણાયે તાત, નદી પુરમાં, બળે હોણી, તથા ...
વળી માતની નથી કાંઇ ભાળ, પડયાં એકલાં લેજો સંભાળ.
અરે! હાય! હવે, કરૂં શું કૃપાળ, થશે શા હવે, અમારા હાલ.

એટલામાં વટેમાર્ગુ આવીને

વટેમાર્ગુ— **ત્રીતાળી ચોપાઇ.**

અરે બાળ શાને રડે તું, આપ ઉત્તર પુછું જે હું;
રહે છાનો ધરીને ધીર, ખમા છે ખમા તને મારા વીર.
તું ચાલની મારી સાથે,...............................

નીર— .... લાવો ભાઇ મારો પેલા કાઠે;
એના વીના ગમે નહીં ખાવું, એ આવે તો હું આવું.
(વટેમાર્ગુ સાયરને લાવે છે. પછીથી ત્રણે પુરમાં જાયછે.)

પ્રવેશ ૪ થો

સ્થળ—નદી. પાત્ર—ચંદન.

ચંદન— કંગનવા મોરા કરસે સરક ગયોરે.
હવે કેમ રહી શકું ધીરધરીરે. ટેક
છોડયુ રાજપાટરે, આવા દુઃખ માટરે;
તોયે આરો ન આવ્યો, પ્યારી વિયોગ પડાવ્યો;
તેથી ન ધરાઇ છોડાવ્યાં બાળ વહીરે. હવે કેમ.
હાલ થશે શા મારારે, બન્યાછેજ નઠારારે;
નાનકડાં છે એ બાળ, લેજો તેની સંભાળ;
નહીં તો તેઓ રડી મરશે કલ્પાંત કરીરે. હવે કેમ.
હાલ નગરીમાં જાઉરે, ભાગ્ય હું અજમાઉરે,
ત્યાં થાશે તે ખરૂં, દુઃખ થયે નહીં ડરૂં;
જે થાય તે સહુ હું, હીમત ધરીરે. હવે કેમ.

અંક ૪ થો.

પ્રવેશ ૧ લો.

સ્થળ—શેહેરનો દરવાજો.

પાત્ર—ચંદન. કોટવાળ, સીપાઈઓ વીગરે.

ચંદન— ગીતિ.

ખેમ ખુશલ હું આવ્યો, હાશ! હવે કાંઇ નથી બીક ઉરમાં;
હાલ દરવાજા બંધ છે, પ્રભાતમાં જઇશું પુરમાં;

કોટવાલ— ગોપીચંદનો રાગ

ભાગ્યશાળી ભૂપત, ભાગ્ય ખુલ્યું આજ આપનું ટેક
રાજ્ય મુગટ મેલો શીરપર, ધરી મન ઉમંગ;
જામા પણ વળી જરીના, પેહેરી લ્યોને અંગરે. ભાગ્ય૦
આજથી રાજ્યની લગામ આપને, સોંપે સૌ સીરદાર;
રૂડી રીતે રૈયત કેરી, સદા લેજો સંભાળરે. ભાગ્ય૦
હવે ચાલો રાજ્ય સભામાં, પવિત્ર કરવા તખ્ત;
ઈશ્વર દીર્ઘ આયુષ્ય માટે, ઇચ્છીએ વખ્તો વખ્તરે. ભા૦
ધન્ય ઘડીને ધન્ય દીન છે, ઉરમાં હર્ષ અપાર;
સભા મંડપમાં હવે સીધાવો, સદા થજો જયકારરે. ભાગ્ય

પ્રવેશ ૨ જો

સ્થળ—ધનપતજીનું દિવાનખાનુ વિચારભુવન

ધનપતજી— લિતાળની ચોપાઇ.

જે લાવ્યોછું હરીને નાર, નથી રાખતી મૂજપર પ્યાર;
રોજ રૂદન પુષ્કળ કરે, નીજ નયણે નીરો ભરે.
મારૂં કહ્યું માને નહી, માટે હવે રાખવી નહીં;
તે નથી મારા કામની, કોઇ પરણું સારી ભામની.
હાલ રાજા નવો જે થાય, તેને અર્પૂ સભાની માંય;
તે જોઇને સારી નારી, થશે મૂજપર ખુશી ભારી.
તેની ભેટ મળશે સારી, તેથી ભાવઠ ભાગે મારી.

પ્રવેશ ૨ જો

સ્થળ—રાજ્યભૂવન.

પાત્ર—ચંદન, પ્રધાનો, મલ્યાગિરી, ધનપતજી, પછી સાયર નીર અને સભાજનો વીગરે.

વારાંગનાઓ—(આઈ બ્હાર બાગમે બેલા ચંબેલા મોગરા. રાગ)

આઇ ખુસીથી નાચવાને હું, સભામે સહોદરા,
એંક એંક બેકી રહ્યા, ગુલાબ ચંપો મોગરા. આઈ.
આસપાસ પ્રજા સર્વે, પ્રધાનો બેઠા હુવા,
રંગ જામ્યો અજબ આજ, દરબાર ખીલા હુવા. આઇ.
રાજ્યાસને મહારાજ ચંદન, ચળકત હયે,
નાચ ગાન તાલ હુવા, લાલ જાન તાન હયે. આઈ.
જોઇ સભાકી બ્હાર, આજ ખુશીમેંજ હુઇ;
હે પ્રભુ મ્હેર કર, સાહે થાજે તુઇ તુઇ. આઇ.

ધનપતજી— ચાંપરાજનો રાગ.

હે નૃપ સુણો (૨) તમે અરજી અમારી આજ;
શ્રવણ કરી તે પ્રીતથી, કબુલ કરો શીરતાજ.
શુભ અવસરે (૨) હુ અર્પુછું શીરપાવ;
સ્વીકાર સ્વહસ્તે કરી, સુખીયાજ સદા તુમ થાવ.
લાવ્યો અજબ નારી (૨) રૂપ ગુણ તણી ભંડાર;
પરણી પ્રીતી બાંધો તેથી, સફળ કરો અવતાર.
મહા મેહેનતે (૨) મેં મેળવી છે આ નાર,
અર્પુ છું હુ આપને, લાયક જણાવી પ્યાર.

મલ્યાગિરી આ વચનો સુણી રડે છે તેથી ચંદન પૂછે છે.

ચંદન— ગીતિ.

સુંદરી શાને રડેતું, વર્ણન તારૂં વર્ણવી મુજને કે,'
ધરી ધીરજ તું દિલમાં, મારા સમ છે રડતી છાની રે.'

મલ્યા૦— મેરેગમકાતરાના એ રાહ

જુઓ રાજા અમારા, હાલ નઠારા, સાંભળો કહુ વાત;
નથી નસીબ સારા, છીએ નોધારા, હાલ નઠારા—સાંભળો૦
સ્વામી સંગે હુ ગઇતી, ભોગવવા વનવાસ;
ત્યાંથી આ દુષ્ટ હરી લાવ્યો, બળ કરી આ અવાસ;
વિચાર કરી નઠારા, દુઃખના ભારા, હાલ નઠારા—સાંભળો૦
સાયર, નીર છે સુત મારા, સ્વામી ચંદનરાય. (રાજા ચમકે છે)
છુટા તે સૌએ પડયા મુજથી, અંતર દુઃખ તે થાય;
તેથી આંસુની ધારા, વહે ચોધારા, હાલ નઠારા—સાંભળો૦

ચંદન—(ક્રોધથી) ક્ષત્રીકલંકનો

અરે દુષ્ટ તેં શું કીધું કામ, સતીનું સત્ય હરી લેવારે.
તે બોળ્યું છે બાપનું નામ. સતી૦
નવ ગમે હવે તાહરૂ મુખ. સતી૦
જોઇ અંતરે ઉપજે દુઃખ. સતી૦
ધીઃક ધીઃક તને ધીક્કાર. સતી૦
ફટ ફટ હે પાપી અમાર. સતી૦
આ સતી મારી નારી મલ્યાય. સતી૦
એ મેળવી ઇશે કરી સ્હાય. સતી૦

રાજાએ ક્રોધ કરવાથી ધનપતજી મહેતા પાસે માફી માગે છે.

ધનપતજી— ચાંપશ્રાજનો રાગ.

માફ કરો અપરાધ માતાજી, બહુ ગુજારી ગાથે;
છો સતી રૂપ (૨) પુરાં પ્રમાણીક જાતે;
હવે છોડો માત (૨) દયા લાવીને પ્રીતે;
આપ મને આ વખત ઉગારો ગુન્હો કર્યો બહુ રીતે.
પતીવ્રત તમે (૨) લોપ્યું નથી સત્ય લગારે;
સીંહણુ કેમ શીકારી હાથે, આવે હીમત હારે.
આ દુષ્ટ કામ (૨) કરવા મેં હીમત ધારી;
એનું ફળ આ પામી આખર, ખાસ થયો ખુવારી.

(એટલામાં બાળકો આવીને.)

સાયર—નીર— (દયાળુ દેવ એ રાગ.)

અરે તાતજી, સુણોને તમે, છુટા જ્યારથી, પડીઆ અમે;
ત્યારે રૂદન કરતા'તા તાત, આવી આમને લીધા સંગાત.
આવ્યા ત્યાંથી, અમે ચાલતા, દીગપુર બહાર, ધજા ફરકતા,
જેથી ઉમંગ, આવ્યો ઉરમાં, મળી સૌ બાળ, તેથી પુરમાં.
થયા રાયજી, ચંદન વળી, હરખ હૈયે, આવ્યો ફરી.
વળી સુણ્યો, માતાજીનો સ્વર, આવ્યા તેથી દોડી હર્ષ ભર.

ચંદન— ગજલ.

અરે હે પ્રધાનો મારા સુણો એક વાત;
આપો આ વિદેશી જનને દ્રવ્ય સાક્ષાત.
પેલા દુષ્ટ પાપીઆને કાઢો દેશ પાર,

દ્રવ્ય સઘળું લુંટી લેવું, ન લે એ તલભાર.
સાથે બાળકો તેડી જઈ નવા પોશાગ પેહેરાવ,
એટલું તૈયાર કરીને દેવળ માંહી આવ.

પ્રવેશ ૪ થો.

સ્થળ—દેવ મંદીર.

પાત્ર—ચંદન, મલ્યાગિરી, સાયર, નીર, પ્રધાન વીગરે.

સર્વ પાત્રો—રાગ કલ્યાણ.

વિજય વિજય વિજય, થયો સત્યનો વિજય;
વિજય સતી નારનો, વિજય વિજય વિજય.—ટેક.
સત્ય સાચવા ચંદનરાયે, લીધો વનમાં વાસ;
સાયર, નીરને મલ્યા રાણી, થયાં નીચનાં દાસ. વિજય.
શીયળ સાચવ્યું મલ્યા માંતે, સહી દુષ્ટનું દુઃખ;
ધીરજ ધરી વળી સાયર નીરે, અંતે પામ્યા સુખ. વિજય.
સૃષ્ટી સ્વપ્ને ખેલ ખેલાવે, નિત્ય વિવિધ પ્રકાર;
પણ અંતે સત્યમેવજયતે, કરેછે વિશ્વાધાર. વિજય.
ભૂલ ચુક કે ખામી હોય, દેજો માફી આજ;
દેશ હિત્તેચ્છુ આશ્રય દેશો, આશા છે સમાજ. વિજય.
તસ્દી લેઇ સજ્જનો આજે, પધાર્યા મિત્રો સાથ;
આભાર તેનો માને "નાનો", હેતે જોડી હાથ. વિજય.

ચંદન મલ્યાગિરી ચરિત્ર સમાપ્ત.